# વેદોમાં કૃષિના સાધનો, પાક અને રોગનાશક ઔષધિઓ

ડૉ. દિલખુશભાઈ યુ. પટેલ

કૃષિ એક વ્યવસાય છે. પરંતુ અન્ય વ્યવસાયોની જેમ તેનો સમાવેશ વેપાર-વાણિજયમાં કરવામાં આવતો નથી. પહેલાનાં સમયમાં ખેતી-કૃષિને ઉત્તમ, વેપારને મધ્યમ અને નોકરીને અધમ માનવામાં આવતા હતા. વર્તમાન સમયમાં પણ આ બાહ્ય રીતે જોઈએ તો સાચું ન લાગે પરંતુ આંતરિક રીતે તપાસીએ તો ઉપરની માન્યતા સાચી છે. અત્યારે તો નોકરીને ઉત્તમ માનવામાં આવે છે તો કેટલાક વેપારને ઉત્તમ માને છે.

વસ્તુતઃ ખેતી એવો વ્યવસાય છે કે જેનાથી ઉત્પન્ન અનાજ આદિ વસ્તુઓ ઉપર સમગ્ર માનવજાત અને પશુ-પક્ષીઓ પોતાનું જીવન ટકાવે છે. તેના સિવાય જીવન જીવવું અશકય છે.

ખેતી અને પશુપાલન વૈદિક કાલથી પ્રચલિત છે. ઋગ્વેદમાં આને લગતાં અનેક સૂકતો મળી આવે છે. દા.ત. વામદેવ ગૌતમ ઋષિનું ક્ષેત્રપતિનું સૂકત (4.57), ભૌમ અત્રિઋષિનું પર્જન્ય સૂકત (5.83) , પૃથ્વી સૂકત (5.84), બાહસ્પત્ય ભરદ્વાજ ઋષિનું ગાયોને લગતું સૂકત (6.28), મૈત્રાવરુણી વસિષ્ઠ ઋષિનાં જળને લગતાં બે સૂકત (10.101), અરણ્યાનીનું સૂકત (10.146) આ બધાં સૂકતોમાં તથા બીજા સૂકતોના મંત્રોમાં કૃષિને લગતા અનેક નિર્દેશો પ્રાપ્ત થાય છે.

અથર્વવેદમાં પણ કૃષિસૂકત (3.17), અન્ન (6.71,7.58) અન્ન સમૃધ્ધિ (6.142), ઓદન (11.3), બ્રહ્મોદન (4.34.11.1), વૃષ્ટિ (4.15) માટેના સૂકતો છે. વિવિધ ઔષધોપયોગી છોડવાઓને લગતાં, કૃમિઓનો નાશ કરવાને લગતાં, પશુપાલન સંબંધી અને સુખસમૃધ્ધિની પ્રાપ્તિને લગતાં અનેક સૂકતો પણ છે. આ સિવાય ઐતરેય બ્રાહ્મણ, તૈત્તિરીય બ્રાહ્મણ, શતપથ બ્રાહ્મણ વગેરેમાં પણ ખૂબ ઊપયોગી નિર્દશો મળી આવે છે.

જીવનનાં મુખ્ય આધારરૂપ કૃષિ માટે વેદમાં આદેશ આપવામાં આવ્યો છે. યજુર્વેદમાં સારો પાક થાય તે પ્રકારે ખેતી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

"सुसस्याः कृषिस्कृधि ।" (यजु. 4.10)
"अक्षैर्मा दीव्यः कृषिमित् कृषस्य वित्ते रमस्व बहुमन्यमानः।
तत्र गावः कितव तत्र जाया तन्मे विचष्टे सवितायमर्यः।।"

ઋગ્વેદમાં અક્ષસૂકતમાં કહ્યું છે કે – જુગાર રમશો મા, ખેતી કરો; તેમાંથી જે ધન મળે તેમાં આનંદ માણો ; તેમાં જ ગાયો અને પત્નીની પ્રાપ્તિ છે. ભગવાન સૂર્યદેવતાએ આવો ઉપદેશ આપ્યો છે.

આજે નોકરીનું જે મહત્ત્વ છે તે પહેલાં ખેતીનું હતું, અત્યારે જીવનસાથીની પસંદગી યુવતીને કરવાની હોય તો તે નોકરી કરનારને પહેલાં પસંદ કરે છે. એ જ રીતે ઉપરના મંત્રથી સમજી શકાય છે કે પહેલાં જે ખેતી કરતા હતા તેમને સારા ઘરની યુવતી પત્ની તરીકે પ્રાપ્ત થતી. ખેતીથી મળેલા ધનમાંથી જ પશુઓરૂપી અને સંસારના સારરૂપ પત્ની મળતી હતી આનાથી આપણે ખેતીનું મહત્ત્વ સમજી શકીએ છીએ.

આ સિવાય પણ વેદમાં "તમે પ્રચુર ધન અને અન્નના સ્વામી છો".[1] "અમારો પુત્ર અગણિત ધનવાળો, ફળદ્રુપ ભૂમિનો માલિક અને શત્રુઓનો નાશ કરવા સમર્થ બનો".[2]

આ રીતે વેદકળમાં એ સર્વ સામાન્ય રીતે સ્વીકારાયું હતું કે ખેતીમાં જ સાચું ધન, સાચી સમૃદ્ધિ, સાચું પશુધન અને ઘરસંસારની સુખાકારી સમાયેલી છે.

આજના ઔદ્યોગિક યુગમાં કદાચ પ્રાચીન માન્યતા પલટાયેલી લાગે, પણ તે આભાસ માત્ર છે. દેશનું સાચું ધન ખેતીની પેદાશમાંથી જ ઉદ્ભવે છે અને એને માટે જ ખાતરનાં વિરાટકાય કારખાનાં, નદીઓ પરના મોટા બંધો અને તેમાંથી પાણી માટેની નહેરોનું આયોજન કરવામાં આવે છે. ખેતીની પેદાશમાં ધન પ્રાપ્ત કરનાર બહુજન સમાજ ઉપર જ આજના મોટાભાગના વ્યવસાયો અવલંબિત છે.

1 . क्षयन्तौ रायो यवसस्य भूरेः – ।(ऋ.7.93.2)
2. तं नः सहस्रभरमुर्वरासां दद्धि सूनो सहसो वृत्रतुरम् । (ऋ.6.20.1)

વેદમાં ખેતરના માલિકને 'ક્ષેત્રપતિ' કહ્યો છે. ઋગ્વેદમાં આ અંગે એવી પ્રાર્થના કરી છે કે 'મિત્ર સમા ખેતરના માલિક સાથે અમે જય પામીએ; એ અમને ગાયો, ઘોડા અને પુષ્ટિ પ્રાપ્ત કરાવો; કેમકે એવી કૃપાથી એ અમને સુખી કરે છે.'[3]

વેદમાં જમીનના વિવિધ પ્રકારો વિષેના ઉલ્લેખો છે. જેમકે પથરાળ જમીન, માટીવાળી જમીન, ટેકરાળ જમીન, પહાડી જમીન, રેતાળ જમીન, ઘાસનાં મેદાનો, નીચાણવાળી ફળદ્રુપ જમીન, ખેડેલી જમીન વગેરે. યજુર્વેદમાં એમ પ્રાર્થના કરવામાં આવી છે કે - 'મને પથરાળી, માટીવાળી, નાના ટેકરાવાળી, પહાડી, રેતાળ જમીન અને વનસ્પતિની યજ્ઞ ધ્વારા પ્રાપ્તિ થાય.'[4]

ખેતીનાં સાધનોઃ- વેદકાળમાં ખેતી માટેનું મુખ્ય સાધન હતું હળ. એ લાકડાનું બનાવવામાં આવતું અને એની અંદર લોખંડની અણીદાર કોશ બેસાડવામાં આવતું અને અંદર લોખંડની અણીદાર ઓળખતા અને કોશને ફાલ કહેતા.

પહેલો વરસાદ પડે ત્યારે હળ જોતરવાના પર્વની ઉજવણી કરીને ખેડૂત જમીન ખેડવા ખેતરમાં જતો અને ખેતરમાં જમીનની ખેડ શરૂ થતી.હળોતરા વખતે અનેક દેવતાઓની સ્તુતિ કરવામાં આવતી.

"ખેતરમાંના છોડ મધુરરસવાળા બને,આકાશ અને જળની કૃપા વરસે,શત્રુઓ કનડગત ન કરે, બળદો સુખપૂર્વક હળ ખેંચે,ખેડૂતને હળ ચલાવવામાં મહેનત ન પડે,જમીન સુખપર્વક ખેડાય,હળ જમીનમાં ઉંડા ચાસ પાડે વગેરે માટે પણ ખુબ પ્રાર્થનાઓ કરવામાં આવી છે."[5]

હળની અણીદાર કોશ દ્વારા જમીન ખેડાતી અને એમાં સીધા ઊંડા ચાસ પડતા.ખેતના સંદર્ભમાં પરીભાષા તરીકે 'લાંગલ' , 'સીર' અને 'સીતા' વગેરે શબ્દો વેદમાં પ્રયોજાયા છે.એમાંથી 'લાંગલ' શબ્દ હળની સાથે બળદોને જોડાવાની ધૂસરી માટે અને 'સીતા' શબ્દ ખેડેલી જમીન માટે પ્રયોજાયેલો જણાય છે.

અથર્વવેદમાં ખેડ અને વાવણી માટે સજ્જ થતા ખેડૂતો ઉદ્દબોધન કરતાં કહ્યું છે કે "કૃષિકર્મના જાણકારો દેવલોકમાં સુખસંપાદ કરવા હળો જોતરે છે તથા ધૂંસરીને વિવિધ પ્રકારે વિસ્તારે છે" તમે હળોને જોતરો,ધૂંસરીને વિસ્તારે,ખેડીને શુદ્ધ કરેલ ભુમિમાં બીજ વાવો અન્ન સમુહ પુષ્ટી પામો પાકને દાતરડા વડે લણાઈને ધાન્ય જલ્દી અમારા ઘરે આવે.[6]

જમીન ખોદવા માટે વપરાતાં કોદાળી,પાવડો,ખાંપી,ખુરપી વગેરે હથીયારોને લગતા કોઈ શબ્દ પ્રયોગો વૈદિકસંહિતાઓમાં જોવા મળતા નથી પરંતુ આવા સાધનો તે સમયે પણ હશે જ કદાચ તેનો ઉલ્લેખ વેદોમાં કર્યો ન હોય.ચાસમાં બીજ રોપ્યાં પછી તેના ઉપર માટી વાળવા માટેનો 'સમાળ' નો પણ ઉલ્લેખ વેદમાં જોવા મળતો નથી.

પાકના ફળ સ્વરૂપે આવતાં ડુડાં કાપવા માટે અર્થાત અનાજ લણવા માટે દાતરડાનો ઉપયોગ થતો.અનાજને લણવા માટેના હથીયાર તરીકે દાતરડું આજ સુધી લગભગ એ જ સ્વરૂપમાં સચવાઈ રહ્યું છે.વેદમાં એને 'દાત્ર' તરીકે ઓળખે છે.ક્વચિત્ તેનો 'સૃણિ' નામે પણ નિર્દેશ છે. "હે ઈન્દ્ર ! તારી આશાએ હું આ દાતરડું હાથમાં લઊ છુ.હે મઘવન । ધારણ કરી શકે તેટલા લણેલા અને એકઠા કરેલા જવથી મારા હાથ ભરીદે."[7] "પાકેલા દાણા પાસે દાતરડાં આવે."[8] "અનાજ લણવા માટે દાતરડાં વડે છોડ ઉપરથી ડુંડા કાપી લેવામાં આવતાં એવું સુચન પણ વેદમાં મળે છે."[9]

છોડવા કે વૃક્ષોની ખુબ વધી ગયેલી ઘટા કે ડાળીઓ કાપી નાખીને તેને સોરવાની, ઝારવાની કે ખૂંટવા-સમારવાની પદ્ધતિ તે કાળે જાણીતી હતી. ઋગ્વેદમાં કહ્યુ છે કે - "જેમ વેલાની બહુ વધેલી ડાળોઓને કાપી નાખવામાં આવે છે તેમ શત્રુનું વધેલું બળ તું કાપી નાખ."[10] મોટી ડાળીઓ કે વૃક્ષોને કાપવા માટે 'પરશુ' અર્થાત કુહાડાનો પણ ઉપયોગ થતો હશે. "જેમ કુહાડાવાળો પુરુષ વૃક્ષને છેદે છે તેમ અશ્વિનોએ અંધકારને છેદી નાખ્યો."[11]

---

3 . क्षेत्रस्य पतिना वयं हितेनैव जयामसि ।
गामश्वं पोषयित्वा स नो मृळातीदृशा ।। (ऋ.4.57.1)

4 . अश्मा च मे मृत्तिका च मे गिरयञ्च मे पर्वताश्च मे सिकताश्च मे वनस्पतयश्च मे ---- यज्ञेन कल्पन्ताम् ।।

5. ऋ. 4.57.3, 5.7-8

6 . सीरा युञ्जन्ति कवयो युगा वि तन्वते पृथक् । धीरा देवेषु सुम्नयौ ।।
युनक्त सीरा वि युगा तनोत कृते योनौ वपतेह बीजम् ।
विराजः श्नुष्टिः सभरा असन्नो नेदीय इत्सृण्यः पक्वमा यवन् ।। अथर्व. 3.17.1-2

7 . तवेदिन्द्राहमाशसा हस्ते दात्रं चना ददे ।
दिनस्य वा मधवन्स्भृतस्य वा पूर्धि यवस्य काशिना । ऋ. 8.78.10

8. नेदीय इत् सृण्यः पक्वमेयात् । ऋ. 10.101.3

9 . कृषिदङ्ग यवमन्ती यवं चिद्यथा दान्त्यनुपूर्व वियूय। यजु.90.32

10 . अपि वृञ्च पुराणवद् व्रततेरिव गुष्पितभोजो दासस्य दम्भय । ऋ. 8.40.6

11 . अश्विना सु विचाकशदेवृक्षं परशुमाँ इव । ऋ. 8.127.3

દાણાને ફોતરામાંથી છુટા પાડવા માટે તેમને બળદના પગની ખરીઓથી કચરાવી સુપડામાં ભરી પવનના સહારે સાફ કરવામાં આવતા, જેનાથી દાણા અને ફોતરા આદી કચરો જુદાં પડતાં. આ માટે ‘ચાળણો’ (ચાયણો) કે ‘ચાળણી’ (ચાયણી) અને પવનનો ઊલ્લેખ વેદમાં છે.[12] ફોતરામાંથી દાણાને છૂટા પાડવાની ક્રિયાને વેદમાં ‘पुनाति’ અને તેમાં મદદરૂપ સાધનને ‘પવિત્ર’ શબ્દથી ઓળખાવ્યાં છે.

આજે અનાજને લેવા મટેની જગ્યાને ‘ખળુ’ કહીએ છીએ વદમાં પણ આવી જગ્યા માટે ‘ખલ’ શબ્દ પ્રયોજાયો છે.[13]

દાણા કે અનાજ લઈ જવા માટે કે ધાસ આદિ માટે ઉપયોગમાં લેવાતા ગાડાનો ઊલ્લેખ પણ છે.વેદમાં ગાડાનો નિર્દેશ ‘અનક્ષ્’ અને ‘શકટી’ એ નામે થયો છે.[14]

શતપથ બ્રાહ્મણમાં હળને છ બાર કે ચોવીસ બળદ જોડાવાને લગતા ઉલ્લેખ છે. આ માટે મુંજ ઘાસમાંથી બનાવેલાં દોરડાં વપરાતાં. પાકની સિંચાઈ માટે કુવામાંથી કોસ દ્વારા ‘ભસ્ત્ર’(ચામડાની મશક) થી પાણી ઉપર ખેંચીને ખેતરમાં ચાસ સુધી પહોંચાડવામાં આવતું.

આમ ખેતી માટે મુખ્યત્વે હળ, દાતરડું,પરશુ,ખળું,ચાળણો,બળદ,દોરડાં,કોસ આદી સાધનોનો ઊપયોગ થતો હતો. અત્યારે ખેતરને ખેડવા માટે હળની જગ્યાએ ટ્રેક્ટરની કલટીનો ઉપયોગ કરવામાં આવે છે. ટ્રેક્ટર અને તેની સાથે જોડાયેલા સાધનોથી ખેતી કરવામાં ઝડપ થાય છે પરંતુ બળદ હળ,ચાવેર,ખરપી,વગેરેથી જે ખેતી માટે ખેડ,ઓવરણ,પહેરવુ,હળવું વગેરે જે કરવામાં આવે છે તેનાથી ખેતીના પાકને નૂકશાન ઓછું થાય છે સાથે ઉત્પાદન વધુ થાય છે. અન્ય દાતરડાં વગેરેનો ઉપયેગ હાલ પણ થાય જ છે.

**પાકો :-**

વૈદિક કાળે ઉગાડવામાં આવતા પાકોમાં-ધાન્યોમાં ઘઉ,ચોખા અને જવ મુખ્ય હતા. વેદોત્તર કાળમાં ચોખાને સાથે અડદ અને તલની પણ ખેતી થતી હતી. તૈત્તિરીય સંહિતામાં જણાવ્યા મુજબ ગ્રીષ્મ ઋતુમાં જવ કે ઘઉ, ચોમાસામાં ઘાસ અને અન્ય છોડવા, શરદઋતુમાં ડાંગર, હેમન્તઋતુંમા અડદ અને તલ આમ ઋતુવાર પાક ઉગાડવામાં આવતા.

જવનો નિર્દેશ વેદોમાં વાવણી, લણણી,છડવાના કોઠારમાં સંઘરવાના અને રાંધવાના સંદર્ભમાં થયો છે.

અર્થવેદમાં ચોખા અને જવ એ પોષક,મધુર અને કલ્યાણ કારક છે.તેનાથી ક્ષયરોગ મટે છે અને દુઃખ દુર થાય છે એવો ઉલ્લેખ છે.[15]

યજુર્વેદમાં મગ,તુવેર,ચણા,સામો,મસુર વગેરેનો નિર્દેશ થયેલો છે.[16]તે સુચવે છે કે જવ,ઘઊં,ચોખા સાથે આનો પણ પાક લેવાતો હશે.

અથર્વવેદમાં શેરડીનો પણ નિર્દેશ છે. શેરડીને ,"ઈક્ષુ" ના નામે ઓળખવામાં આવતી અને તેના સુકા-રસ કાઢી લઈને કૂચો બની ગયેલા સાઠાને ‘ઇષાકા’ તેનો ઉપયોગ ઈંધણ તરીકે થતો.[17] એવું પણ અનુમાન થઈ શકે કે શેરડી પીલીને તેનો રસ કાઢવામાં આવતો અને તેને ઊકાળીને ગોળ પણ બનાવાતો હશે.

---

12 . ऋ. 10.71.2

13 . खले न पर्षान् प्रति हन्मि भूरि । ऋ. 10.48.7

14 . ययाथ दूरादनसा रथेन । ऋ. 3.33.10 , शकटीरिव सर्जति । ऋ. 10.146.6

15 . अथर्ववेद 8.2.18

16 . व्रीहयश्च मे यवाश्च मे माषाश्च मे चिलाश्च मे मुद्राश्च मे खल्वाश्च मे प्रियङ्गवश्च मेऽवावश्च मे श्यामाकाश्च मे नीवाराश्च मे गोधूमाश्च मे मसूराश्च मे ।। यजु. 18.12

17 . अथर्ववेद 1.34.5, 12.2.54

ધાન્ય-અનાજ કઠોળની સાથે સાથે શાકભાજીમાં કાકડી અને ટેટી પણ થતી હશે જેનો ઉલ્લેખ મહામૃત્યુંજય મંત્રમાં થયો છે. ''સુરભી ગંધવાળા પુષ્ટવર્ધકનું અમે યજન કરીએ છીએ.જેમ ટેટી ડીટડામાંથી છુટી પડે તેમ હું મૃત્યુથી છુટી જાઉં અને અમરતાથી વિખુટો ન પડું.'' અહીં 'ઉર્વારુક' શબ્દ દ્વારા કાકડી અને ટેટીનો ઉલ્લેખ થયો છે.[18]

**રોગનાશક ઔષધિઓ -**

ખેતીને લગતા સૂકતો વેદમાં છે તેમ એને લગતા રોગોના પ્રતિકાર તથા અન્ય ઉપદ્રવોના નિવારણને લગતા સૂકતો પણ અથર્વવેદમાં મળે છે. ઊગતા ધાન્યને નુકસાન કરનાર અને ધાન્યને ઉગતાં પહેલા જ ખાઈ જનાર કાતરા, કૃષિ વગેરે જીવજંતુઓની જાણકારી વૈદિક ઋષિઓને હતી જ. અથર્વવેદમાં બાદરાયણી ઋષિએ કૃમીનાશક સૂકત (4.37)માં આ કૃમીઓને રાક્ષસ, અપ્સરા અને ગંધર્વ શબ્દો દ્વારા નિર્દેશ કરીને અનુક્રમે જેનાથી બચવું જરૂરી છે, જે જળમાંથી ઉદ્દભવે છે અને જે ગંધથી આકર્ષાય છે એવા જીવજંતુઓને દુર કરવા માટેના ઉપાયો દર્શા વ્યા છે.

રોગનો નાશ કરનાર ઔષધિઓમાં અજશૃંગી ગુગળ ,પીલુ, વીરણમુળ, ભોંયકોળુ, ધાવડી, પીપળો, વડ, થોર, જુઈ, સાદળો, અઘેડોઅને કાકડાશિંગી, કુંવારપાઠું, ધંતુરો, લોધર વગેરે છે.

અજશૃંગી- કૃમીનાશન સૂકતમાં અજશૃગી ઔષધિનો ઊલ્લેખ છે. આ અજશૃગી વિષાણી, કાકરસિંગી, કાકડાશિંગી, મેઢાશિંગી, કર્કશિંગી, કર્કટશિંગી વગેરે નામે પણ ઓળખાય છે. આ કાકડાશિંગીની ગંધથી કાતરા વગેરે જંતુઓ નાશ પામે છે. તેથી તેનો ભુકો છોડના મુળ પાસે ભભરાવીને અથવા તેને પાણીમાં નાખીને તે પાણી છોડના મુળમાં રેડવામાં આવતો હશે. આ સૂક્તમાં કહ્યું છે કે –"હે ઓષધિ અજશૃગી! તારા વડે પૂર્વે અથર્વાઓએ, કશ્યપે, કણ્વે અને અગસ્ત્યે રાક્ષસોને જેનાથી બચવુ પડે તેવાં જંતુઓને મારી નાખ્યાં હતાં."[19] "તારા વડે અમે અપ્સરાઓ (જળમાં સરકનારા) અને ગંધર્વોને (ગંધથી આકર્ષાતા) જંતુઓને ભગાડી મૂકીએ છીએ. હે અજશૃંગી ! પોતાની વાસથી બધા રોગ કૃમીઓને દુર કર અને નાશ કર."[20]

**ગુગળ, પીલુ, વીરણમૂળ, ભોંયકોળું અને ધાવડી -**

જળમાં પ્રસરનારા કૃમીઓને દુર કરવા માટે અથર્વવેદના ઉપર નિર્દેશેલા સૂક્તમાં પાંચ વનસ્પતિઓનો નિર્દેશ છે. "પાણીના કૃમી પાણીથી પરિપૂર્ણ ભરેલી વેગથી વહેનારી નદીમાં જાય ગુગ્ગુલ, પીલુ, માંસી ઓક્ષગન્ધી પ્રમોદિની - આ પાંચ ઔષધિઓ છે. આ જાણી જાઓ અને તે માટે હે જળ માં પ્રસરનાર ક્રિમીઓ અહીથી દૂર ચાલ્યા જાઓ."[21]

આમાંથી પહેલી ઔષધિ છે ગુગળ એ હવાને શુધ્ધ કરે છે અને જીવાતને ભગાડે છે. માંસુને વીરણમુળ પણ કહે છે. ઓક્ષગન્ધી અર્થાત ઋક્ષગન્ધિકા કે ક્ષીરવિદાર ભોયંકોળું તરીકે ઓળખાય છે અને પ્રમોદિની ધાવડી કે ધાતકી તરીકે ઓળખાય છે. આ બધી જ ઔષધિઓને અગ્નિમાં નાખીને તેનો ધુમાડો કરવામાં આવે ત્યારે તે ધુમાડાથી બધા પ્રકારની જીવાત નાશ પામે છે.

**પીપળો, વડ, થોર અને જુઈ -**

કૃમીસૂકતમાં આ ચાર વૃક્ષોનો નિર્દેશ કૃમિનાશક તરીકે છે. જ્યાં પીપળો, વડ. મહાવૃક્ષ અને શિખંડી હોય છે. ત્યાંથી, હે પાણીમાં પ્રસરનાર કૃમિઓ દૂર નાસી જાઓ.[22]

ધરો, સાદડો, અઘેડો અને કાકડાશિંગી -

---

[18] . त्र्यम्बकं यजामहे सुगन्धि पुष्टिवर्धनम् ।
उर्वारुकमिव बन्धनान्मृत्योर्मोक्षीय माम्रतात ।। ऋ. 1.51.12

[19] . त्वया पूर्वमथर्वाणो जघ्नू रक्षांस्योषधे ।
त्वया जघानं कश्यपस्त्वया कण्वो अगस्त्यः ।। अथर्ववेद 4.37.1

[20] . त्वया वयमप्सरसो गन्धर्वाश्चातयामहे ।
अजश्रृङ्ग्यज रक्षः सर्वान् गन्धेन नाशय ।। अथर्ववेद 4.37.2

[21] . नदीं यन्त्वप्सरसोऽपां तारमवश्वसम् । गुग्गुलूः पीला नलद्यौरूक्षगन्धिः प्रमन्दनी ।
तत्परेताप्सरसः प्रतिबुद्धा अभूतन ।। तत्रैव. 4.37.3

[22] . यत्राश्वत्था न्यग्रोधा महावृक्षा शिखण्डिनः । तत्परेताप्सरसः प्रतिबुद्धा अभूतन् ।। तत्रैव, 4.37.4

કૃમિસૂકતમાં આ ચાર વૃક્ષોનો પણ નિર્દેશ કૃમિનાશક તરીકે છે. જ્યાં તમારા હિંડોળા જેવી ડોલતી ઘરો અને સાદડાનું વૃક્ષ છે અને જ્યાં અઘેડો તથા કર્કરી સાથે રહેલાં છે. ત્યાથી સાવધાન થઈને પાણીમાં સંચાર કરનારા કૃમિઓ દૂર ચાલ્યા જાઓ.[23]

અર્જુનવૃક્ષ સાદળ-સાદડા નામે ઓળખાય છે. આઘારક-આઘાડો, અઘેડો કે અંઘેડો નામે ઓળખીએ છીએ અને કર્કર કે કર્કટી કાકડાશિંગી તરીકે જાણીતી છે.આ બધા વૃક્ષોને ખેતરના શેઢે વાવવાથી પાકને જીવજંતુઓ સામે કુદરતી રક્ષણ મળે છે.

કુંવારપાઠાં –

અથર્વવેદમાં કૃમિનાશક સૂકતમાં સેંકડો અણીદાર કાંટાવાળી ઈન્દ્રની હેતીઓનો જંતુનાશક વનસ્પતિ તરીકે ઉલ્લેખ છે. "ઈન્દ્રની સેંકડો લોખંડની અણીયાળી ધારો મહાભયંકર છે. તેમનાથી અન્ન ખાનારાં હિંસક કૃમિઓનો વિનાશ કરો."[24] અહીં 'અયસ્મય' શબ્દમાં 'અયસ' નો અર્થ 'કુંવારપાઠુ' થાય છે.તેને ઈન્દ્રની ધારદાર 'હેતિ' કહી છે. લીલ કે શેવાળ ખાઈને ઉછરનાર તથા અન્નને નુકશાન કરનાર જંતુઓ કુંવારપાઠાથી દૂર રહે છે.

**ધતુરો -**

કૃમિનાશક સૂકતમાં બીજી એક ઈન્દ્રની સોનેરી હેતીનો ઉલ્લેખ છે. "ઈન્દ્રની સેંકડો સોનાની અણિયાળી ધારો મહાભયંકર છે. તેમનાથી અન્ન ખાનાર હિંસક કૃમીઓનો વિનાશ કરો."[25] અહીં ‘હિરણ્યયી’ શબ્દ દ્વારા ધંતુરાનો ઉલ્લેખ થયો જણાય છે. આ પણ થોર કે કુંવારપાઠા જેવો છોડ છે અને કાંટાળી વાડ કરવામાં એનો ઉપયોગ થતો હશે.

**લોધર -**

કૃમિઓનો નાશ કરવા માટેનો એક વધુ ઊપાય છે બે પ્રકારના ‘મુષ્ઠ’ વૃક્ષો. ‘મુષ્ઠ’ શબ્દ દ્વારા લોધર વૃક્ષનો નિર્દેશ છે. આ વૃક્ષ સફેદ અને કાળું એમ બે પ્રકારનું હોય છે. લોધરનો ભૂકો ભભરાવવાથી પાકનાશક જંતુઓ દુર થાય છે એવું અહીં સૂચન જણાય છે.
પંડીત સાતવળેકરના મતે 'અયસ્યયી' અને 'હિરણ્યયી' ઈન્દ્રની હેતી દ્વારા અનુક્રમે 'લોખંડના હથિયાર જેવા' અને સુવર્ણ જેવાં તીક્ષ્ણ સૂર્યકિરણોનો - સૂરજના પ્રથમ તડકાનો નિર્દેશ છે.
અથર્વવેદમાં અન્ય જગ્યાએ પણ કહ્યું છે કે ‘‘બધાને પ્રત્યક્ષ દેખાતો, ન દેખાતા કૃમિઓનો નાશ કરનારો એને દેખાય તેવાં તથા ન દેખાય તેવાં બધાં જંતુઓને મારી નાખતો સૂર્ય આગળ વધે છે.[26]
આમ સૂર્યના કિરણોથી પણ સર્વપ્રકારના રોગોત્પાદક જંતુઓ નાશ પામે છે.
આમ ખેતરમાં પાકનાશક જંતુઓ અને અન્ય ઉપદ્રવો સામે ઉપાય તરીકે વેદમાં નીચેના ઉપાયો દર્શાવ્યા છે. 1. કાકડાશિંગીનો ભુકો ભભરાવવો, પાણીમાં મેળવી રેડવો કે અગ્નિમાં હોમી તેનો ધૂમાડો ખેતરમાં કરવો.
2. ગૂગળ પીલુ સુગંધીવાળો ભોયકોળું અને ધાવડીનો હોમ કરી ખેતરમાં તેનો ધૂમાડો ફેલાય એમ કરવું.
3. પીપળા,વડ, થોર, જૂઈ, સાદળ, અઘેડો, લોધર, કુંવારપાઠું અને ધંતુરો વગેરે ખેતરના શેઢે વાવવા.
4. ખેતરના શેઢે શેઢે વાડની અંદર તરફ ઘરો વાવવી.
5. ખેતરના શેઢે શેઢે થોરની વાડ કરવી.
6. સુર્યનો આકરો તાપ પાકના છોડવાઓને મળે તેવી રીતે વૃક્ષોની વાવણી કરવી.
અત્યારે રાસાયણીક દવાઓનો વપરાશ વધ્યો છે. રોગનાશક તરીકે દવાઓ જ વપરાય છે તેથી જીવજંતુઓ તે દવાઓથી ટેવાઈ જઈને ઉપદ્રવ કરતાં રહે છે અને જમીન તથા પાકમાં પ્રદૂષણ ફેલાય છે. વળી, આ દવાઓને કારણે પાકના ફળ દાણા વગેરેમાં તેની અસર થાય છે અને તેમાં મોટાભાગના રોગો ખોરાકમાં વપરાતા અનાજ, કઠોળ, શાકભાજી અને ફળફળાદીમાં રોગનાશક માટે વપરવામાં આવતી દવાઓથી થાય છે.
પ્રાચીનકાળમાં વપરાતી ઔષધિય વનસ્પતિનો ઊપયોગ રોગનાશક તરીકે કરવામાં આવે તો અનાજ વગેરેના પોષક ગુણોનો નાશ થાય નહીં અને આપણામાં થતા રોગોને અટકાવી શકાય તેથી તેવા પ્રયોગો કરવા જોઈએ.

---

[23]. यत्र वः प्रेङ्खा हरिता अर्जुना उत यत्राधाटाः कर्कयङ्संवदन्ति ।
तत्परेताप्सरसः प्रतिबुद्धा अभूतन ।। तत्रैव, 4.37.5

[24]. भीमा इन्द्रस्य हेतयः शतमृष्टिरयस्मयी । ताभिर्हविरदान् गन्धर्वानवकादान् व्यृऽषतु ।। अथर्ववेद, 4.37.8

[25]. भीमा इन्द्रस्य हेतयः शतमृष्टिरयस्मयी । ताभिर्हविरदान् गन्धर्वानवकादान् व्यृऽषतु ।। तत्रैव, 4.37.9

[26]. उत्परस्तात् सूर्य एति विश्वदृष्टो अदृष्टहा । दृष्टांश्चमदृनन्नदृष्टांश्च सर्वाँश्च प्रमृणन् क्रिमीन् ।। तत्रैव, 5.23.6

આ રીતે વેદમાં કૃષિ માટે વપરાતા સાધનો ખેતર ખેતરના સ્વામી વિવિધ પાક વનસ્પતિ અને પાકમાં ઉત્પન્ન થતા રોગો તથા તેના નાશ માટેની ઔષધિઓનો ઉલ્લેખ જોવા મળે છે.

संदर्भ ग्रन्थः

1. ऋग्वेद
2. यजुर्वेद
3. अथर्ववेद